ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ જીલ્લા પંચાયતમાં ભાજપનો 'પ્લાન સી' | ભાજપના ગઢમાં પ્રમુખ પદ માટે 'હાઈ-વોલ્ટેજ ડ્રામા'નું ક્લાઈમેક્સ હજી બાકી !

આણંદ જિ.પંચાયતની પાળજ બેઠકના સભ્યનું રાજીનામું !

આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદ અંકે કરવા અને બાજી સુધારવા પ્રદિપ પટેલનું બલિદાન ?

પાળજ બેઠકની પેટા ચુંટણીમાં એસટી ઉમેદવાર ઉતારવા સુધી ભાજપની તૈયારી

(પ્રતિનિધિ) પેટલાદ તા.૨૨

આણંદ જીલ્લા પંચાયતની સામાન્ય ચુંટણી ગત 26મી એપ્રિલના રોજ યોજાઈ હતી. જેની મત ગણતરી 28મીના રોજ હાથ ધરાતા ભાજપને 33 બેઠકો મળતા સ્પષ્ટ બહુમત પ્રાપ્ત થયો હતો. પરંતુ પ્રમુખ પદ માટે જરૂરી એસટી ઉમેદવાર અંગે અસમંજસતા હતી. આમ છતાં પ્રમુખની ચુંટણી વખતે ઉમેદવારી પત્ર રદ્દ થતા, ભાજપે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જ્યાંથી આદેશ મળતા પ્રમુખની ચુંટણીમાં ભાજપના ઉમેદવાર વિજયી બન્યા હતા. જે આજે પણ યથાવત્ છે. પરંતુ કોંગ્રેસ દ્વારા પણ પ્રમુખ પદ માટે યેનકેન પ્રકારે તમામ પ્રયત્નો ચાલુ છે. જે દરમ્યાન સોમવારના રોજ ભાજપ દ્વારા પ્લાન સી અમલમાં લાવ્યા હોવાનું જાણવા મળે છે. આણંદ જીલ્લા પંચાયતની પાળજ બેઠક ઉપર બિનહરીફ વિજેતા થયેલા પ્રદિપ પટેલે રાજીનામું આપતા જીલ્લાના રાજકારણમાં હડકંપ મચી જવા પામ્યો છે. જીલ્લા પંચાયતમાં પ્રમુખ પદ અંકે કરવા ભાજપ દ્વારા આ અંતિમ દાવ ખેલાઈ રહ્યો હોવાનું રાજકીય પંડિતો માની રહ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ આણંદ જીલ્લા પંચાયતની સામાન્ય ચુંટણીમાં ભાજપને 33 અને કોંગ્રેસને માત્ર 7 બેઠકો મળી હતી.પરંતુ સૌથી મહત્વની હાડગુડ બેઠક ભાજપે ગુમાવી દીધી હતી, જે પ્રમુખ પદના દાવેદાર તરીકે એક માત્ર એસટી બેઠક હતી. જેથી ભાજપને 33 બેઠકોનો સ્પષ્ટ બહુમત હોવા છતાં પ્રમુખ પદ કોષો દૂર હતું. જો કે સારસા બેઠક ઉપરથી ભાજપના વિજયી બનેલા મયૂરીબેન પટેલને એસટી પ્રમુખ પદની દાવેદારી માટે ચુંટણી મેદાનમાં ઉતાર્યા હતા. જ્યારે કોંગ્રેસ પાસે તો પહેલેથી જ હાડગુડ બેઠકના ગૌરીબેન તડવી પ્રમુખ પદના દાવેદાર હતા. આ બંન્નેએ પ્રમુખ પદ માટે દાવેદારી નોંધાવતા ભાજપના મયૂરીબેન પટેલના એસટી બેઠકને લગતા ડોક્યુમેન્ટ રાજ્ય બહારના હોવાથી ફોર્મ ચુંટણી અધિકારીએ રદ્દ કર્યું હતું. પરંતુ તે જ દિવસે ભાજપ દ્વારા હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરી હતી. જેમાં અરજી ગ્રાહ્ય રાખી ચુંટણી અધિકારીનો હુકમ રદ્દ કરી મયૂરીબેનને પ્રમુખ પદની ચુંટણીમાં ચાલુ રાખવા હાઈકોર્ટે આદેશ કર્યો હતો. જેથી ચુંટણીમાં 31 વિરૂદ્ધ 7 મતના બહુમત

સાથે ભાજપના મયૂરીબેન પટેલ વિજયી થયા હતા.

બાદમાં મયૂરીબેન પટેલે હાઈકોર્ટની પિટીશન પરત લેતા ફરીથી પ્રમુખ પદનું કોકડું ગુચવાયું હતું. ભાજપ અને કોંગ્રેસ બંન્ને દ્વારા પોતાના ઉમેદવાર પ્રમુખ હોવાનો દાવો કરી રહ્યા છે. બંન્ને પક્ષના નેતાઓ કાયદાના જાણકારો પાસેથી સલાહ - માર્ગદર્શન લઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. આ હાઈ-વોલ્ટેજ ડ્રામાનું ક્લાઈમેક્સ જાણે કે બાકી હોય તેમ સોમવારના રોજ જીલ્લા પંચાયતની પાળજ બેઠકના બિનહરીફ વિજેતા પ્રદિપ પટેલે અચાનક રાજીનામું આપ્યું છે. આ રાજીનામા પાછળ ભાજપનો 'પ્લાન સી' હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આ રાજીનામું સ્વીકાર્યા બાદ સ્વાભાવિક રીતે પેટા ચુંટણી યોજાઈ શકે છે. જેમાં ભાજપ દ્વારા એસટી ઉમેદવારને પેટા ચુંટણીમાં ઉતારીને જીતાડી પ્રમુખ બનાવવા સુધીની તૈયારી હોવાનો ગણગણાટ જીલ્લાના રાજકીય પંડિતોમાં ચાલી રહ્યો છે.

વિદેશમાં કાયમી ધોરણે સ્થાયી થવાના હોવાથી રાજીનામું આપ્યું

'પ્રદિપભાઈ પટેલ વિદેશમાં કાયમી ધોરણે સ્થાયી થવાના હોવાથી રાજીનામું આપ્યું છે. પાળજ બેઠક ઉપરથી ST ઉમેદવાર ઉભા રાખવાની કોઈ જ હિલચાલ અત્યારે નથી. હાલ તો જીલ્લા પંચાયતના પ્રમુખ તરીકે મયૂરીબેન પટેલ કાર્યરત છે અને રહેશે.'
- સંજયભાઈ પટેલ પ્રમુખ, આણંદ જીલ્લા ભાજપ

હજુ જો... તો...માં ગુંચવાયેલો મામલો

ભાજપ માટે આણંદ જીલ્લા પંચાયતના પ્રમુખ પદ માટે હજી પણ કોકડું ગુંચવાયેલું છે. પાળજ બેઠકના પ્રદિપ પટેલે રાજીનામું તો આપી દીધું છે, પરંતુ તે વિકાસ કમિશનર સુધી પહોંચ્યું નથી. આ ઉપરાંત સ્વીકારવા સંદર્ભે પણ ભાજપમાં મીટીંગોનો દોર ચાલુ હોવાનું જાણવા મળે છે. કારણ કે વિકાસ કમિશનર મયુરીબહેનને પ્રમુખપદે માન્યતા આપે તો પ્રદિપભાઇ રાજીનામું પરત ખેંચી શકે છે. બીજી તરફ ભાજપ મોવડી મંડળ પણ આ મુદ્દે કાયદાકીય સલાહ પણ લઈ રહ્યા છે. જેના કારણે પ્રમુખપદનો મામલો જો ને તો ઉપર અટક્યો છે.

નડિયાદમાં ૩૦મી સુધીમાં વેરો ભરનારને વળતર મળશે

રહેણાંક અને વાણિજ્યિક મિલકતધારકોને આર્થિક લાભ મળશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદ મહાનગરપાલિકાના સત્તાધીશો દ્વારા શહેરના મિલકતધારકો માટે એક મહત્વની પ્રોત્સાહક યોજનાની જાહેરાત કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નો મિલકત વેરો સમયસર ભરપાઈ કરનાર નાગરિકોને આર્થિક રાહત આપવા અને પાલિકાની આવક વધારવા માટે ૧૦ ટકા રિબેટ આપવાનો નિર્ણય લેવાયો છે.

નડિયાદ મનપા હદમાં આવતી તમામ રહેણાંક અને વાણિજ્યિક મિલકતોના ધારકો માટે આ યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે મિલકતધારકો આગામી ૩૦ જૂન ૨૦૨૬ સુધીમાં પોતાના ચાલુ વર્ષના ટેક્સની સંપૂર્ણ રકમ ભરપાઈ કરશે, તેમને બિલની રકમમાં સીધી ૧૦ ટકાની રાહત આપવામાં આવશે. ૩૦મી જૂન ૨૦૨૬ની અંતિમ તારીખ બાદ વેરો ભરનાર નાગરિકોને આ વળતરનો લાભ મળશે નહીં.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય કરદાતાઓને પ્રોત્સાહિત કરી સમયસર ભંડોળ એકત્ર કરવાનો છે, જેથી શહેરના વિકાસલક્ષી કાર્યોને વધુ વેગ આપી શકાય. મનપા કમિશનર કે. બી. ઝવેરી, મેયર મનીષ પટેલ, ડેપ્યુટી મેયર કલ્પેશ રાઠોડ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પરાગ બારોટ દ્વારા શહેરના તમામ કરદાતાઓને આ યોજનાનો સત્વરે લાભ લેવા અપીલ કરવામાં આવી છે. સત્તાધીશોએ નગરજનોને અનુરોધ કર્યો છે કે વહેલાસર ટેક્સ ભરીને નડિયાદ શહેરના વિકાસમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે.

આણંદ જિલ્લા પંચાયત પ્રમુખની ચૂંટણીમાં હાઈકોર્ટના આદેશથી મોટો ઉલટફેર

હાડગુડ બેઠક પર વિજેતા કોંગ્રેસના સભ્યને 'બિનહરીફ' જાહેર કરવા માંગ

આણંદ જિલ્લા વિકાસ અધિકારીને કાયદાકીય અમલવારી માટે અરજી અપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ પદની ચૂંટણીમાં ચાલી રહેલા લાંબા કાયદાકીય જંગનો હવે અંત આવ્યો છે. જેમાં હાઈકોર્ટમાં ચાલી રહેલી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન પરત ખેંચાઈ જતાં અને કોર્ટે અગાઉનો વચગાળાનો મનાઈહુકમ રદ કરતાં, હવે નવા પ્રમુખની વરણીનો માર્ગ મોકળો થયો હોવાનું કોંગ્રેસે દાવો કર્યો છે. આ બાબતે કોંગ્રેસના ઉમેદવાર ગૌરીબેન શંભુભાઈ તડવીએ

જિલ્લા વિકાસ અધિકારી અને ચૂંટણી અધિકારીને પત્ર લખી પોતાને બિનહરીફ વિજેતા જાહેર કરવા રજૂઆત કરી છે.

આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ (અનુસૂચિત જનજાતિ અનામત બેઠક) માટે મયુરીબેન નિકિતભાઈ પટેલે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું, જે ચૂંટણી અધિકારી દ્વારા 24મી મે,2026ના રોજ રદ કરવામાં આવ્યું હતું. આ નિર્ણયને મયુરીબેન પટેલે ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો, જ્યાં હાઈકોર્ટે વચગાળાની રાહત આપી ચૂંટણી અધિકારીના નિર્ણય પર સ્ટે આપ્યો હતો.

પરંતુ ગત 16મી જૂન,2026ના રોજ જસ્ટિસ નિખિલ એસ. કેરિયરની કોર્ટમાં આ મામલે સુનાવણી થઈ હતી. અરજદાર મયુરીબેન પટેલે પોતાની અરજી પરત ખેંચી લેતા હાઈકોર્ટે અગાઉનો સ્ટે રદ કર્યો છે. કાયદાકીય જોગવાઈ મુજબ વચગાળાનો આદેશ મુખ્ય આદેશ સાથે ભળી જતો હોય છે, પરિણામે ચૂંટણી અધિકારી દ્વારા મયુરીબેનનું ફોર્મ રદ કરવાનો જે મૂળ આદેશ હતો, તે હવે પુનઃ અમલમાં આવ્યો છે.

આથી, હાડગુડના રહેવાસી અને ઉમેદવાર ગૌરીબેન તડવીએ રજૂઆત કરી છે કે, હાઈકોર્ટના આદેશ બાદ હવે મેદાનમાં માત્ર તેઓ જ કાયદેસરના ઉમેદવાર બચે છે. આથી, કોર્ટના આદેશનું સન્માન કરી અને કાયદાકીય પ્રક્રિયાના ભાગરૂપે તેમને આણંદ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે 'બિનહરીફ' જાહેર કરવામાં આવે. જો આ હુકમનો અમલ કરવામાં નહીં આવે તો તે હાઈકોર્ટના આદેશની અવગણના ગણાશે. તેવી ચીમકી પણ અરજીમાં આપવામાં આવી છે.

નડિયાદના MLA વિરુદ્ધ ટિપ્પણી કરતાં કાર્યવાહી

સાયબર ક્રાઈમ પોલીસે આઈપી એડ્રેસ મેળવવા તજવીજ હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

નડિયાદના ધારાસભ્ય અને ભાજપના કાર્યકરોને નિશાન બનાવીને સોશિયલ મીડિયા પર અત્યંત અભદ્ર અને અપમાનજનક કોમેન્ટ્સ કરવામાં આવતા ખેડા જિલ્લા સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાઈ છે. ફેક ફેસબુક આઈડી બનાવી અપમાનજનક શબ્દો પ્રયોજીને નેતાઓની રાજકીય અને સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ થતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.,

ખેડા જિલ્લા ભાજપ યુવા મોરચાના કોષાધ્યક્ષ રાહી મુકેશભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ અનુસાર, કોઈ અજાણ્યા શખ્સે 'અક્ષર પટેલ' નામે બનાવટી ફેસબુક એકાઉન્ટ ઉભુ કર્યું છે. આ આઈડી પરથી નડિયાદના ધારાસભ્ય પંકજ દેસાઈ વિરુદ્ધ અશોભનીય ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ભાજપના કાર્યકરો રાહી પટેલ, સમીર ગરેજા અને ભાવિક જાગતિયાને ટેગ કરીને પણ બિભત્સ શબ્દો પ્રયોજવામાં આવ્યા હતા. ફરિયાદીના જણાવ્યા મુજબ, વિસ્તારમાં શાંતિ ડહોળવા અને પાયાવિહોણા આક્ષેપો કરી જનતામાં ખોટો સંદેશો ફેલાવવાના ઈરાદે આ કૃત્ય કરવામાં આવ્યું છે.

આ ગંભીર મામલે ખેડા જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ 352 તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધી ફરિયાદીએ આપેલા ડિજિટલ પુરાવા અને સ્ક્રીનશોટના આધારે તપાસ તેજ કરી છે.

ઠાસરાના કાલસર-આગરવા રોડ પર આખેઆખું ટ્રેક્ટર ઊંધું વળ્યું

ઠાસરા પાસે લાકડા ભરેલું ટ્રેક્ટર કેનાલમાં ખાબકતા બેના મોત

લાકડા અને ભારેખમ સ્પેરપાર્ટ્સ નીચે દબાઈ જવાથી બેએ ઘટના સ્થળે જ જીવ ગુમાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

ઠાસરા તાલુકામાં કાલસર-આગરવા માર્ગ પર સોમવારના રોજ એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. લાકડા ભરીને જઈ રહેલા એક ટ્રેક્ટરના ચાલકે અચાનક કાબૂ ગુમાવતા ટ્રેક્ટર માર્ગની બાજુમાં આવેલી ઊંડી કેનાલમાં પલટી ખાઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ટ્રેક્ટરમાં સવાર બે વ્યક્તિઓ લાકડા અને મશીનરીના વજન નીચે દબાઈ જતાં તેઓનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું.

ઘટનાની વિગત મળતી માહિતી મુજબ, ટ્રેક્ટર કાલસરથી આગરવા તરફ જઈ રહ્યું હતું ત્યારે કેનાલ પાસે ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. ટ્રેક્ટર સીધું પાણી વિનાની કેનાલમાં ઊંધું વળી ગયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રેક્ટરમાં સવાર લોકોને બચવાનો મોકો જ ન મળ્યો અને તેઓ વજનદાર લાકડાં નીચે દબાઈ ગયા હતા. આસપાસના ખેતરોમાં કામ કરતા શ્રમિકો અને ગ્રામજનોએ તાત્કાલિક દોડી આવી બચાવ કામગીરી હાથ ધરી હતી.

આ ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે ગ્રામજનોની મદદથી મૃતદેહોને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા છે. આ અકસ્માત કોઈ યાંત્રિક ખામીને કારણે સર્જાયો છે કે ચાલકની ગફલતથી, તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

આ અકસ્માતને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. કાલસર-આગરવા રોડ પર આવેલી આ કેનાલની આસપાસ કોઈ સંરક્ષણ દીવાલ (પ્રોટેક્શન વોલ) કે રેલિંગ બનાવવામાં આવી નથી. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, તંત્રની આ બેદરકારીને કારણે અગાઉ પણ અહીં અકસ્માતો સર્જાયા છે. જો સમયસર અહીં બેરીકેડિંગ કરવામાં આવ્યું હોત, તો આજે આ બે નિર્દોષ જિંદગીઓ બચાવી શકાઈ હોત. આથી, તાત્કાલિક બેરીકેડિંગ કરવા માગણી કરી છે.

તારાપુર રહેતી પરિણીતાને દહેજ માટે પતિએ મારમાર્યો

સાણંદના પતિ સહિત સાસરી પક્ષના પાંચ શખ્સો સામે તારાપુર પોલીસ મથકે ગુનો દાખલ

(પ્રતિનિધિ) તારાપુર તા.૨૨

તારાપુર પોલીસ મથકે એક પરિણીતાએ તેના સાણંદ સ્થિત સાસરીયાઓ વિરુદ્ધ ત્રાસ અને દહેજની માંગણી અંગે ફરિયાદ નોંધાવી છે.

તારાપુરના મહીયારી ગામના વતની અને હાલ પિયરમાં રહેતી ૨૬ વર્ષીય મનિષાબાના લગ્ન વર્ષ ૨૦૨૦માં સાણંદ ખાતે રહેતા વીરદીપસિંહ કનુભાઈ વાઘેલા સાથે થયા હતા. તેમની ફરિયાદ મુજબ, લગ્ન બાદ થોડો સમય સંસાર સારી રીતે ચાલ્યા બાદ પતિ, સાસુ અને સસરા દ્વારા નાની-નાની બાબતોમાં ઝઘડો કરી માનસિક ત્રાસ આપવાનું શરૂ કરાયું હતું. સાસરિયા દ્વારા પરિણીતાને દહેજ બાબતે તેમજ ઘરકામ બાબતે અવારનવાર મ્હેણાં મારવામાં આવતા હતા.

વધુમાં જણાવ્યા અનુસાર, ગત ૧૧મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ જમવા બાબતે તકરાર કરી પતિ અને સાસરીયાઓએ ભેગા મળી પરિણીતાને ગાળો આપી મારઝૂડ કરી હતી અને કોઈ પણ કારણ વગર તેને પુત્રી સાથે ઘરની બહાર કાઢી મૂકી હતી. આ અંગે સામાજિક રીતે સમાધાનના પ્રયાસો કરવા છતાં કોઈ ઉકેલ ન આવતા અંતે પરિણીતાએ તારાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

તારાપુર પોલીસે આ મામલે પતિ વીરદીપસિંહ વાઘેલા, સસરા કનુભાઈ વાઘેલા, સાસુ નયનાબેન વાઘેલા તેમજ નણંદ વૈશાલીબા અને નણંદોઈ કલ્પેશસિંહ પરમાર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદ જિલ્લાના તલાટીઓ પડતર પ્રશ્ને આંદોલન કરશે

છેલ્લા ત્રણ વર્ષથી પડતર માંગણીઓનો ઉકેલ લાવવામાં સરકારની ઢીલી નિતિ સામે આક્રોશ

(પ્રતિનિધિ) આણંદ તા ૨૨

આણંદ જિલ્લાના ૨૫૦ જેટલા તલાટી કમ મંત્રીઓ પડતર પ્રશ્નો મુદ્દે આગામી સમયમાં આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી છે. છેલ્લા સાડા ત્રણ વર્ષથી સરકારે ઉચ્ચસ્તરીય સમિતિ રચવાની વાત કરી લાંબો સમય વિત્યો હોવા છતા વણ ઉકેલ્યા પ્રશ્નો મુદ્દે નિર્ણય લેવામાં ન આવતા તલાટી કમ મંત્રીઓમાં ભારે આક્રોશ ભભૂક્યો છે.

મહેસુલી સહિતની તમામ વધારાની કામગીરી બંધ કરવાનો નિર્ણય મુદ્દે તલાટી કમ મંત્રીઓનુ સંગઠન અડગ છે. વર્ષ ૨૦૨૨ માં વિવિધ માંગણીઓના મુદ્દે રાજ્ય તલાટી મહામંડળ દ્વારા આંદોલન કરાયુ હતુ. તે સમયે સરકારે કેટલાક મુદ્દાઓ ઉકેલવાની ખાતરી આપી હતી. જેમાં મહેસુલી તલાટી અને તલાટીકમ મંત્રીનો જોબચાર્ટ અલગ અલગ કરવાનું નક્કી કરાયુ હતું. તે માટે ઉચ્ચ સ્તરીય સમિતિ રચવાની જાહેરાત પણ કરાઈ હતી. સમિતિની બે બે વખત રચના કર્યા બાદ પણ સાડાત્રણ વર્ષના લાંબા સમય પછી પણ તલાટીઓની સમસ્યા ઉકેલાઈ નથી. જે તે સમયે તલાટીઓની ઘટ પૂર્ણ થતા નવી ભરતી થયા બાદ કામની વહેંચણી અને મહેસુલી તથા અન્ય કામગીરી મુદ્દે નિર્ણય લેવામાં આવશે. પરંતુ તલાટીની નવી નિર્મણૂંકની પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી છે. તેમ છતા પંચાયત અને મહેસુલી કામગીરી અલગ અલગ કરવાનો જોબચાર્ટ બનાવવામાં આવ્યો નથી. જેથી હવે રાજ્યભરના તમામ તલાટી કમ મંત્રીઓ અગામી સમયમાં મહેસુલી કામગીરી સદંતર બંધ કરવાની વિચારણા કરી રહ્યા હોવાનું જાણવા મળ્યુ છે.

મહેસુલી ઉપરાંત વધારાની તમામ કામગીરી બંધ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. જેને પગલે પંચાયતીરાજની તમામ કામગીરી ખોરવવાની ભીંતી વ્યક્ત કરાઈ છે. તલાટી મહામંડળની તલાટી કમ મંત્રી, મહેસુલી તલાટી અને ગામ સેવકની કામગીરીની વહેંચણી કરવી, જેનું કામ જે કરે ના સિદ્ધાંતનો કડક અમલ કરવામાં આવે, તલાટી કેડર સાથે ઓરમાયુ વર્તન અને ભેદભાવ બંધ થાય અને મહેસુલી સહિતની તમામ વધારાની કામગીરી બંધ કરવા માંગ કરી છે.

એસપી યુનિ.માં ૫૦ લાખના અનુદાનથી 'સ્કિલ પ્રોજેક્ટ્સ' શરૂ થશે

વિદ્યાર્થીઓને ડિગ્રીની સાથે હવે આજીવિકાની ગેરંટી મળશે

(પ્રતિનધિ) આણંદ તા.૨૨

સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ હવે માત્ર પુસ્તકિયું જ્ઞાન મેળવીને પદવીધારી જ નહીં, પરંતુ બજારની જરૂરિયાત મુજબ 'રોજગાર-સજ્જ' બનશે. અમદાવાદ સ્થિત પ્રતિષ્ઠિત 'અંબાલાલ હરજીવનદાસ પટેલ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા યુનિવર્સિટીને કૌશલ્ય વિકાસ (સ્કિલ ડેવલપમેન્ટ) અને આજીવિકા પૂરી પાડતા પ્રેક્ટિકલ શૈક્ષણિક પ્રોજેક્ટ્સ માટે બે વર્ષ માટે ૫૦ લાખનું માતબર અનુદાન જાહેર કરવામાં આવ્યું છે. આ પહેલ અંતર્ગત ૨૫ લાખનો પ્રથમ ચેક ટ્રસ્ટના મિહિરભાઈ પટેલ દ્વારા યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલને અર્પણ કરવામાં આવ્યો હતો.

આ અનુદાનનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટીમાં એવા વિશિષ્ટ કોર્સીસ અને મોડ્યુલ્સ તૈયાર કરવાનો છે, જે વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ સીધી રોજગારી અથવા આર્થિક સ્વતંત્રતા અપાવવામાં મદદરૂપ થાય. ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટીઓ શ્રદ્ધેય ઈશ્વરભાઈ અને વિઠ્ઠલભાઈના શિક્ષણ અને સમાજ-ઉત્કર્ષના વારસાને આગળ ધપાવવા માટે આ સહયોગ આપવામાં આવ્યો છે. જો આ પ્રોજેક્ટ્સના પરિણામો હકારાત્મક આવશે, તો બે વર્ષ બાદ ટ્રસ્ટ દ્વારા આનાથી પણ મોટા પાયા પર વધુ ભંડોળ ફાળવવાની તૈયારી પણ દર્શાવવામાં આવી છે.

આ અંગે કુલપતિ પ્રો. નિરંજન પટેલે આ પ્રસ્તાવને આવકારતા જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ પણ યુવાનોના કૌશલ્ય વર્ધન અને રોજગારલક્ષી શિક્ષણ પર ભાર મૂકે છે. આ ગ્રાન્ટ દ્વારા તૈયાર થનારા વ્યવહારુ પ્રોજેક્ટ્સ ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારના યુવાનોને કાયમી આજીવિકા તરફ દોરી જશે અને તેમને આત્મનિર્ભર બનાવવામાં મોટી ભૂમિકા ભજવશે. આ ભાગીદારીથી વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક જગતમાં એક નવો અધ્યાય શરૂ થયો છે, જે ડિગ્રી અને રોજગાર



વચ્ચેના અંતરને ઘટાડવાનું કામ કરશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225